વિયેના ગુજરાતના ફેમિલી ટ્રાવેલર્સ પર ધ્યાન કેન્દ્રિત

અમદાવાદઃ રજાઓ દરમિયાન બંધન જાળવી રાખવા માટે દાદા-દાદી અને બાળકો સાથેની મલ્ટી જનરેશનલ મુસાફરી ટોચનો વૈશ્વિક ટ્રાવેલ ટ્રેન્ડ બની ગયો છે.

જયારે પરિવારની મુસાફરીની વાત આવે એટલે ઓસ્ટ્રીયન રાજધાની વિયેના સિવાય કોઇ વધુ સારુ સ્થળ ન હોઇ શકે, જેમાં પુષ્કળ પાર્ક્સ, પ્રવૃત્તિઓ, તહેવારો, ખોરાકની પસંદગીઓ અને સાસ્કૃતિક ઘટનાઓ દરેક લોકોને ખુશ કરે છે અને મોટા ભાગના મ્યુઝિયમોમાં બાળકો માટે વિના મૂલ્યે પ્રવેશ છે. આ આઇકોનિક શહેર યુવાન મુસાફરો અને રોમેન્ટિક હનીમૂનર્સ તેમજ નાના બાળકો માટે ભારે આકર્ષણ ધરાવે છે. ભારતીય મુસાફરો માટે આ શહેર ટોચનું સ્થળ રહ્યું છે તેમાં કોઇ આશ્ચર્ય નથી. વિયેના ટુરીસ્ટ બોર્ડ માટે ભારત ૨૦ અત્યંત આગવા બજારોમાંનું એક છે.

‘‘ભારતીયો નાના પરિવાર જૂથમાં એક સાથે મુસાફરી કરવા માટે જાણીતા છે – જેમાં ઘણી વાર દાદા-દાદીઓને પણ સમાવવામાં આવે છે – પશ્ચિમ ભારતમાથી ખાસ કરીને ગુજરાતમા પારિવારીક મુસાફરોને અમે આવકારીશું ફક્ત એટલા જ માટે આ શહેર દરેક વય જૂથનાને ઓફર કરવા માટે ઘણું બધુ ધરાવે છે,’’ એમ વિયેના ટુરીસ્ટ બોર્ડના પબ્લિક રિલેશન્સના ગ્લોબલ વડા ઈસાબેલા રાઉટરે જણાવ્યુ હતુ.

અંતરાયવિહીન ટ્રાન્સપોર્ટ સિસ્ટમ, સમૃદ્ધ કલા સંગ્રહ સાથેના મ્યુઝિયમ, શણગારેલા સ્થળો, આઇકોનિક કોફ હાઉસ અને અસંખ્ય યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ સાથે વિયેના સહજ રીતે જ સ્પોર્ટી આઉટડોર એક્ટિવીટીઝ સાથે સાસ્કૃતિક સમન્વય ધરાવે છે અને પારિવારીક રજાઓ માટે ઉત્તમ સ્થળ બનાવે છે. આગામી વર્ષે વિયેના ટુરીસ્ટ બોર્ડ અનેક રીતે શહેરના મોટા અકર્ષણો દર્શાવશે જેમાં પરિવાર સાથેના ભારતીય મુસાફરો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. -

સ્કેચર્સની #GORUN ચેલેન્જનો વડોદરામાં પ્રારંભ

વડોદરાઃ વજનમાં ખુબજ હલ્કા અને બેજોડ પર્ફોર્મન્સ આપતાં શુઝ માટેની જાણીતી અમેરિકન લાઈફસ્ટાઈલ અને પર્ફોર્મન્સ બ્રાન્ડ સ્કેચર્સે ઈર્ધ્ઇંહ ચેલેન્જની જાહેરાત કરી છે. આ બે દિવસીય કાર્યક્રમ ૯ અને ૧૦ નવેમ્બરના રોજ વડોદરામાં ઈવા મોલ અને બર્ડ સર્કલ ખાતે યોજાશે.

સ્કેચર્સની #GoRun ચેલેન્જમાં સહભાગીઓએ ત્રણ મીનીટ સુધી પ્રતિ કલાક ૧૬ કિમીની ઝડપે દોડવાનું રહેશે, જે દ્વારા તેઓ સ્કેચર્સ શુઝની બ્રાન્ડ-ન્યુ પેર અથવા ગુડીઝ જીતવાની તક મેળવી શકશે. ચેલેન્જર્સ મોડિફાઇ કરેલા સ્કેચર્સ ટ્રક ઉપર ગોઠવેલા કર્વ ટ્રેડમીલ ઉપર દોડશે.

ફુટવેર બ્રાન્ડ હોવા તરીકે સ્કેચર્સનું ધ્યાન એથલિટ અને ફીટનેસ પ્રત્યે જાગૃત લોકોને અનુકૂળ અને સારું પ્રદર્શન પૂરું પાડવા ઉપર છે, જેથી ભારતમાં રનિંગ કલ્ચરને જાળવી શકાય. સ્કેચર્સ સાઉથ એશિયાના સીઈઓ રાહુલ વીરાએ જણાવ્યું હતું કે, બ્રાન્ડનું નામ ચપળતા, ઉત્સાહ અને આરામદાયકનો પર્યાય છે અને તે દરેક વ્યક્તિને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર લાવીને કસરત કરવા માટે પ્રેરિત કરવામાં વિશ્વાસ ધરાવે છે. આજની જીવનશૈલીમાં ચુસ્ત અને સક્રિય રહેવું અત્યંત મહત્વપૂર્ણ છે અને દિનચર્યામાં દોડવાથી કોઇ સારો વિકલ્પ નથી. આથી દોડો.

વડોદરામાં બે દિવસીય કાર્યક્રમ બાદ સ્કેચર્સની #GORUN ચેલેન્જ ૧૬ અને ૧૭ નવેમ્બર, ૨૦૧૯ના રોજ જયપુરમાં યોજાશે. (૨૦-૪)

ઈફકોએ "નેનો નાઈટ્રોજન, નેનો ઝીંક, નેનો કોપર" ઉત્પાદનો રજૂ કર્યા

IFFCO
नैनो तकनीक द्वारा कम लागत में अधिक उत्पादन
एवं प्रदूषण नियंत्रण की दिशा में इफको का नया कदम
नैनो नाइट्रोजन, नैनो जिंक एवं नैनो कॉपर का

અમદાવાદઃ વિશ્વની સૌથી મોટી ખાતર ની સહકારી મંડળી ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (IFFCO) તેની માતૃ સંસ્થા ગુજરાત માં કલોલ એકમ ખાતે યોજાયેલા કાર્યક્રમ માં નેનો નાઈટ્રોજન, નેનો ઝિંક, નેનો કોપર, ક્ષેત્ર પરિક્ષણ માટે રજૂ કરીને તેની ’નેનો-ટેકનોલોજી’ આધારિત પ્રોડક્ટ રેન્જ રજૂ કરવાની જાહેરાત કરી છે. આ નેનો ઉત્પાદનો ને

સદાનંદ ગૌડા, કેન્દ્રીય મંત્રી, રસાયણ અને ખાતર, નરેન્દ્રસિંહ તોમર, કેન્દ્રીય મંત્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ મનસુખ માંડવીયા, કેન્દ્રીય મંત્રી,શિપિંગ (સ્વતંત્ર હવાલો)રાજ્ય પ્રધાન રસાયણો અને ખાતર; પુરૂષોત્તમ રૂપાલા, કેન્દ્રીય રાજ્ય મંત્રી, કૃષિ અને ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજ; નીતિન પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય શ્રી જયેશ રાદડિયા, ખાદ્ય મંત્રી, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો, કુટીર ઉદ્યોગ, છાપકામ અને સ્ટેશનરી, ગુજરાત સરકાર.

બી એસ નકઇ, ચેરમેન, ઈફ્કો; દિલીપ સંઘાણી, વાઇસ ચેરમેન,ઈફ્કો અને ડૉ. યુ.એસ. અવસ્થી, એમડી, ઈફ્કો તથા અન્ય મહાનુભાવો ની ઉપસ્થિતિ માં લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈફ્કોએ નેનો ઉત્પાદનો ના પરિચય ની સાથે સાથે આ ઉત્પાદનોની ભારતભરમાં એક સાથે ક્ષેત્ર પરિક્ષણ હેતુ શરૂઆત કરવામાં માટે ભારતના દરેક રાજ્યમાંથી પ્રગતિશીલ કુલ ૩૪ ખેડૂતોને આમંત્રિત કર્યા છે, જેમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત ખેડૂતો પણ છે. (૧૯-૧)

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

એન.એસ.ઓ.ના રીપોર્ટ અનુસાર ભારતમાં બેરોજગારી ૪૫ વર્ષની સર્વોચ્ચ સપાટીએ

અમદાવાદઃ દેશમાં બેફામ મોંઘવારી, અતી ઉંચી બેરોજગારી, આર્થીક કટોકટી, દેશના નાગરિકો કેન્દ્ર સરકારની નીતિઓના કારણે ભોગવી રહ્યા છે. દેશના સામાન્ય, મધ્યમવર્ગ, યુવાનો, ખેડૂતો, સહિતના નાગરીકોને ન્યાય માટે કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી માન. સોનિયા ગાંધીએ તા. ૫ નવેમ્બર થી ૧૫ નવેમ્બર, ૨૦૧૯ આંદોલનાત્મક કાર્યક્રમના ભાગરૂપે આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે એ.આઈ.સી.સી.ના ‘‘આંદોલનાત્મક કાર્યક્રમ’’ ના નિરિક્ષક અને રાજસ્થાનના આરોગ્ય મંત્રી શ્રી રઘુ શર્માજીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારે ભારતના વસ્તિલક્ષી લાભને વસ્તિલક્ષી વિનાશમાં ફેરવી નાખ્યો છે. એન.એસ.ઓ.ના રીપોર્ટ અનુસાર ભારતમાં બેરોજગારી ૪૫ વર્ષની સર્વોચ્ચ સપાટીએ છે અને સતત વધી રહી છે. શિક્ષણ સ્થિતી પણ ખુબ નિરાશા જનક છે. ભાજપ સરકારના શાસનમાં ભારતનુ અર્થતંત્ર નાણાંકીય કટોકટી જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે જેમાં જી.ડી.પી. ગ્રોથ છેલ્લા છ વર્ષમાં સૌથી ધીમો છે. વિશ્વમાં ભારત પાંચમાં નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર હતુ જે અત્યારે સાતમાં નંબરે આવી ગયું છે.

નવુ ખાનગી મુડી રોકાણ ૧૬ વર્ષની સાવ નીચી સપાટીએ છે. ઘરેલુ બચત ૨૦ વર્ષની સૌથી નીચી સપાટીએ છે. ઔદ્યોગિક વિકાસ ઓગસ્ટ ૨૦૧૯ માં ૧.૧ ટકા ઉપર આવી ગયો છે. ભારતની બેંકોનું એન.પી.એ. ૮,૦૦,૦૦૦ કરોડ આંબી ગયું છે. ભાજપ સરકારના પાંચ વર્ષમાં રૂ. ૧,૭૪,૨૫૫ કરોડની બેંક છેતરપીંડીના ૨૫,૦૦૦ કિસ્સાઓ નોંધાયા છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં કૃષિ ક્ષેત્રનો જી.ડી.પી. ઘટીને માત્ર ૨ ટકા આવી ગયો છે. ભાજપ સરકાર દ્વારા વચન અપાયું હતું કે, ૫૦ ટકા ખર્ચ + એમ.એસ.પી. (લઘુત્તમ ટેકાના ભાવ) આપવામાં આવશે પરંતુ ખાતર પર (૫ ટકા), ટ્રેક્ટર અને કૃષિ ઓજારો (૧૨ ટકા), જંતુનાશક દવા (૧૮ ટકા) જેટલો જી.એસ.ટી. ટેક્સ લાદીને ખેડુતની હાલત કફોડી કરી છે.

એ.આઈ.સી.સી.ના ગુજરાતના પ્રભારી શ્રી રાજીવ સાતવજીએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારના શાસનમાં મોદી સરકારના નબળા નિર્ણયો અને ગેરવહિવટના કારણે અર્થતંત્ર વિનાશકારી પરિણામ ભોગવી રહ્યું છે. જી.ડી.પી. ગ્રોથ રેટ છ વર્ષની નીચી સપાટીએ આવી ગયું છે. મોદી સરકાર દ્વારા ચૂંટણી સમયે મોટા મોટા વાયદા જેવા કે, દરેક નાગરિકના ખાતામાં ૧૫ લાખ, ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ, યુવાનોને ૨ કરોડ રોજગારી કહ્યું હતું પરંતુ ભારતમાં હાલ આર્થિક કટોકટીનો માહોલ ઉભો થયો છે આપેલા મોટા નારા અને વાયદાઓ ક્યાય ધરાતલ પર જોવા મળતા નથી. મન કી બાત કરવા કરતા ક્યારેક મનમોહનસિંહજીની વાત સાંભળી હોત તો ઓટો મોબાઈલ સેક્ટરમાં ૩.૫ કરોડ કર્મચારીઓના રોજગાર સામે ખતરો ઉભો ન થયો હોત, પારલેજી, મહિન્દ્રા, ટોયોટા, ઈન્ફોસીસ, હોન્ડા જેવી મોટી કંપનીઓ આર્થિક સંકળામણને કારણે કર્મચારીઓની છટણી કરવાની જરૂર ન પડી હોત.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમીત ચાવડાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાને રાજ્યની અને કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે એની નીતિ, કાયદા અને શાસનને કારણે અન્યાય, અત્યાચાર થઈ રહ્યો છે, સમસ્યા અને તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે, ૩૩ જિલ્લા, ૮ મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો માટે તા. ૧૧, ૧૨, ૧૩ નવેમ્બર, ૨૦૧૯ તારીખો નક્કી કરવામાં આવી છે જયારે ૧૫મી નવેમ્બર, ૨૦૧૯ રાજય કક્ષાએ કાર્યક્રમ કરવામાં આવશે. તેમાં મોંઘવારી, આર્થિક કટોકટી, પ્રજાને પડી રહેલ પારાવાર તકલીફો, ખેડુતોને આર્થિક બદહાલી, રાજયની સમસ્યાઓ અને પ્રશ્નો સહિતના મુદ્દે કાર્યક્રમ આપશે.

વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ભારતનું અર્થતંત્ર આજે છિન્નભિન્ન દશામાં છે. ભાજપની સરકાર દ્વારા આપણી નાણાંકીય સ્વતંત્રતા અને આર્થિક સ્થિરતા સાથે સોદાબાજી કરવામાં આવી રહી છે. જેને કારણે આજે ભારત આર્થિક કટોકટીના આરે આવીને ઉભુ છે. નોટબંધી અને જી.એસ.ટી.ના કારણે ભારતના ખેડૂતો, દુકાનદારો અને નાના – મધ્યમ કક્ષાના વેપારીઓ આજે પારાવાર તકલીફો ભોગવી રહ્યાં છે. ત્યારે ગંભિર નાણાંકીય કટોકટી દરમ્યાન જેનો ઉપયોગ કરવાનો હોય તે આર.બી.આઈ. ના ઈમરજન્સી રીઝર્વને પણ સરકાર છીનવી લીધું છે. ઓગસ્ટ ૨૦૧૯ માં આર.બી.આઈ.એ રૂ. ૧.૭૬ લાખ કરોડનું જંગી સરપ્લસ ભંડોળ ભાજપ સરકારને ટ્રાન્સફર કર્યું હતું છતાં ભારતની મુદ્રા અને અર્થતંત્રની સ્થિરતા પુરી પાડી શક્યા નથી ત્યારે ખેડૂતના પ્રશ્નો, યુવાનો માટે રોજગાર, મોંઘવારીની માર માટે કોંગ્રેસપક્ષ આંદોલનના કાર્યક્રમ આપશે. ★

દુષ્કર્મ આચર્યા બાદ જીવતી સળગાવતા ભાભીનું મોત, દિયરની ધરપકડ

જુનાગઢઃ બીલખામાં વિસાવદર રોડ ઉપર આવેલા ગૌતમનગરમાં રહેતી નયનાબેન અમૃતભાઇ પરમાર નામની ૨૬ વર્ષની વણકર પરિણીતાગત તા. ૧૬મીના રોજ પોતાના ઘરે હતી. ત્યારે તેણીનો દિયર મનસુખ વલ્લભભાઇ પરમાર નશાની હાલતમાં ઘરે ધસી આવ્યો હતો અને ભાભી સાથે ઝઘડો કરી જીવતી સળગાવી દીધી હતી. ગંભીર રીતે દાઝેલી પરિણીતાને બેભાન હાલતમાં સારવાર માટે જૂનાગઢ બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.

જાદર પોલીસમાં લૂંટ અને હુમલાના ગુનામાં નાસતો ફરતો શખ્સ ઝડપાયો

હિંમતનગર, સાબરકાંઠા જિલ્લાના જાદર પોલીસ સ્ટેશનમાં લૂંટ અને હુમલાના નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપ્યો હતો. ઈડર તાલુકાના માનગઢ ગામે રહેતા બીપીનભાઇ ઉર્ફે અળખાભાઇ સહેરાભાઇ ચેનવા વિરૂધ્ધ વર્ષ ૨૦૧૬માં જાદર પોલીસ સ્ટેશનમાં મારામારી તેમજ લૂંટનો ગુનો નોંધાયો હતો. ત્યારબાદ બીપીનભાઇ ઉર્ફે અળખાભાઇ ચેનવા સાઉદીઅરેબિયા નાસી ગયો હતો. ઘણા સમયથી વોન્ટેડ શખ્સને ઝડપી લેવા એલસીબીના પી.આઇ. વી.આર.ચાવડાએ પેરોલ ફલો સ્કવોર્ડની ટીમને એલર્ટ કરી વોચ રાખવા જણાવ્યુ હતું. દિવાળીના પર્વ પર સાઉદીઅરેબિયા નાસી ગયેલ બીપીન ઉર્ફે અળખાભાઇ સહેરાભાઇ ચેનવા ઘરે પરત ફરતા એલસીબીની પેરોલ ફર્લો સ્કવોર્ડના પી.એસ.આઇ. બી.યુ.મુરીમા, એ.એસ.આઇ. ઈન્દ્રસિંહ, દલજીતસિંહ, હે.કો.રજુસિંહ સહિતની ટીમે બાતમી આધારે માનગઢ ગામે વોચ ગોઠવી મંગળવારે બીપીન ઉર્ફે અળખાભાઇ ચેનવાને ઝડપી જાદર પોલીસ સ્ટેશનને હવાલે સોંપ્યો છે. ઘણા સમયથી વોન્ટેડ શખ્સને ઝડપી લેવા એલસીબીના પી.આઇ. વી.આર.ચાવડાએ પેરોલ ફલો સ્કવોર્ડની ટીમને એલર્ટ કરી વોચ રાખવા જણાવ્યુ હતું. લૂંટ અને હુમલાના નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપ્યો હતો.

ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસીસ લીમીટેડ

રજી. ઓફીસ : એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ભારત.
CIN: L65910GJ1994PLC023393 ફોન નં. +૯૧-૭૯-૨૬૪૨ ૭૪૨૮
www.ifinservices.com info@ifinservices.com,

નોટીસ

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ (૧) (એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૦મી, સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અને અર્ધવર્ષના અંતે અન-ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ એટ્ એ- ૧૦૦૬, પ્રિમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ , આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ખાતે **૧૪મી નવેમ્બર, ૨૦૧૯ (ગુરૂવાર)ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીગ મળનાર છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના ઓર્ડર વતી
સહી/-
શ્રી હિતેશ જોષી
અધિકૃત હસ્તાક્ષરી

તારીખ : ૦૮/૧૧/૨૦૧૯
સ્થળ : અમદાવાદ

LYPSA GEMS & JEWELLERY LIMITED

[CIN NO.L28990GJ1995PLC028270]
Regd. Add : Wing A, 2nd Block, 202-302, Orchid Complex, Opp. HDFC Bank, Chhapi-Pirojpura Road,Chhapi, Vadgam, Banaskantha, Gujarat – 385210.
Corp. Office : Mehta Mahal, 2nd floor , North Side, Opp. Roxy Cinema, 15th Mathew Road, Opera house, Mumbai -400004 Tel. : +91 22 2367 9792 | Email : info@lypsa.in

NOTICE OF BOARD MEETING

Pursuant to Regulation 29 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015,Intimation is hereby given that meeting of Board of directors of Lypsa Gems & Jewellery Limited, is scheduled to be, held on Thursday, 14th November, 2019, at its CORPORATE OFFICE- situated at Mehta Mehal, 2nd Floor, North Side, Opp. Roxy Cinema, 15 Mathew Road, Opera House, Mumbai-400004 for the approval of Quarterly Un-Audited Financial Results, of the company, as per Regulation-33 of SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations) for the quarter ended on 30th September, 2019.

By and on Behalf of the Board of Directors.
For Lypsa Gems & Jewellery Limited
Sd/-
Dipan B. Patwa
Chairman
DIN: 02579405

Date : 05/11/2019
Place : Mumbai

એરોમા એન્ટરપ્રાઈસેસ (ઈન્ડીયા) લીમીટેડ

રજી. ઓફીસ : ૮૮, અજંતા કોમર્શિયલ સેન્ટર, ઈનકમટેક્ષ સર્કલ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯
CIN: L51909GJ1994PLC021482
વેબ.: www.aromaenterprises.in
ઈ-મેઈલ : compliance.mgc@gmail.com, ફોન : +91-79-27540175

બોર્ડ મીટિંગની નોટીસ

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯(૧)(એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૯ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટર અને અર્ધવર્ષ અંતના અન-ઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે ૮૮, અજંતા કોમર્સિયલ સેન્ટર, ઈન્કમટેક્સ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ખાતે આવેલ છે ત્યાં **૧૪મી નવેમ્બર, ૨૦૧૯ ગુરૂવાર સાંજે ૪.૦૦ ક્લાકે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીગ મળનાર છે.

બોર્ડ વતી અને એમના માટે,
સહી/-
શ્રી અબ્દુલકાદીર શોએબ હાજીવાળા
કંપની સેક્રેટરી અને
કમ્પ્લાયન્સ ઓફિસર

તારીખ : ૦૮.૧૧.૨૦૧૯
સ્થળ : અમદાવાદ

પ્રવાસીઓની સેફટી શું..?!! સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે રિવર રાફટિંગ કાર્યસ્થળે યુવાન તણાયો

કેવડિયાઃ કેવડિયામાં રિવર રાફટિંગના કાર્યસ્થળે મોટી દુર્ઘટના સર્જાઇ હોવાના અહેવાલ મળી રહ્યા છે. કેવડિયા રિવર રાફટિંગની સાઈટ પર મોટી ઘટના બનતા ખળભળાટ મચ્યો છે. કેવડિયા કોલોની સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તારમાં આવેલા ખલવાણી રિવર રાફટિંગ પાસે વહેતા પાણીમાં પગ લપસી જતા યુવાન તણાયો છે. નર્મદા જિલ્લાના કેવડિયા કોલોની વિસ્તારમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક પ્રવાસીઓ માટે ખલવાણી જંગલમાં રિવર વોટર રાફટિંગ સુવિધા શરૂ કરવામાં આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અહીંયા ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતો યુવાન શિરીષ ભગુભાઈ તડવી (રહેવાસી કંકુ વાસણ, તાલુકો નસવાડી જિલ્લો છોટાઉદેપુર, ઉંમર વર્ષ ૨૧) તણાઈ ગયો હતો. આ અંગે કેવડિયા પોલીસે જણાવ્યું હતું કે શિરીષ ભગુભાઈ તડવી અહિયાં ઈલેક્ટ્રિશિયનનું કામ કરતો હતો અને જમ્યા બાદ પાણી પીવા હાથ ધોવા ખલવાણીમાં જ્યાં રિવર રાફટિંગ થાય ત્યાં ગયો હતો અને પાણીમાં તણાઇ ગયો હતો.

નર્મદાના કેવડિયા ખાતે ચાલતા રિવર રાફટિંગની જગ્યાએ પૂરજોશમાં કામ કરી રહેલા ૩૦થી વધુ કામદારોમાંથી એક કામદાર ખાડીમાં હાથ ધોવા પડ્યો હતો. ૩૧ ઓક્ટોબર સુધીમાં રિવર રાફટિંગનું કામ પૂર્ણ કરવા માટે તંત્ર કામે લાવ્યું હતું. તમને જણાવી દઈએ કે, ૩૧મીએ પીએમ મોદી સ્ટેચ્યૂ ઓફ યૂનિટી ખાતે આવવાના છે. આ ઘટના બનતા ખળભળાટ મચ્યો છે. હવે રિવર રાઉટિંગ સ્થળે આ ઘટના બનતા પ્રવાસીઓની સેફટી પર સવાલ ઉભો થયો છે. આ ઘટનામાં ભોગ બનનાર નસવાડીનો મજદૂર પાણીમાં ડૂબ્યો છે.

નશામાં ધૂત કારચાલકે એએમટીએસ સ્ટેન્ડમાં ઘૂસીને અકસ્માત સર્જયો, ૩નાં મોત

અમદાવાદઃ અમદાવાદના નરોડા એએમટીએસ બસ સ્ટેન્ડમાં ગુરુવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. નશામાં ધૂત થઈને બોલેરો કાર હંકારનાર ચાલક સીધો જ નરોડા એએમટીએસ બસ સ્ટેન્ડમાં ઘૂસી ગયો હતો. પૂર ઝડપે આવી રહેલી બોલેરો કારે સાત લોકોને અડફેટે લીધા હતા. જેમાંથી ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજયા છે. અન્ય ચાર ઘાયલોને હોસ્પિટલમાં સારવાર માટે તાત્કાલિક ખસેડાયા છે. આ અકસ્માતને પગલે ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, અનેકવાર વાહનચાલકો બીઆરટીએસ ટ્રેકમાં ઘૂસી જતા હોય છે, અને તેને કારણે ગમખ્વાર અકસ્માતો સર્જાતા હોય છે. આવા અનેક કિસ્સા અગાઉ પણ સામે આવ્યા છે. અમદાવાદના નરોડા એએમટીએસ બસ સ્ટેન્ડમાં ગુરુવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. નશામાં ધૂત થઈને બોલેરો કાર હંકારનાર ચાલક સીધો જ નરોડા એએમટીએસ બસ સ્ટેન્ડમાં ઘૂસી ગયો હતો. પૂર ઝડપે આવી રહેલી બોલેરો કારે સાત લોકોને અડફેટે લીધા હતા. જેમાંથી ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજયા છે.

જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,
રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ
એસ્ટેટ,થાણા, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોમીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમના મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર નોટીસ આપવામાં હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

ક્રમ નં.	કરજદાર/સહ-કરજદાર/જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ	જામીનમાં મુકેલ મિલ્કત/ અમલમાં આવનારી મિલ્કત	નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ	એનપીએ તારીખ
૧	મુકેશ સવજીભાઈ પડસાલા/ લાલજીભાઈ સવજીભાઈ પડસાલા/ LBSUR00001804572- જી-૧૦૧, પહેલે માળ,રૂષિકેશ,એપાટમેન્ટ,સરધાન જકાતનાકા, સીમાડા ગામ, આર.એસ.નં ૫૦, બ્લોક નં ૮૧, પ્લોટ નં ૪૩, નાના, વરાછા, સુરત - ૩૯૫૦૦૬	જી-૧૦૧,પહેલે માળ, રૂષિકેશ, એપાટમેન્ટ, સરથાન જકાતનાકા, સીમાડા ગામ, આર.એસ.નં ૫૦,બ્લોક નં ૮૧,પ્લોટ નં ૪૩, નાના, વરાછા, સુરત- ૩૯૫૦૦૬	૧૧સપ્ટેમ્બર ૨૦૧૯ રૂા. ૨૫,૪૭,૬૯૭.૦૦/-	૩૧/૦૮/૨૦૧૬

આ નોટીસની વધારાની કાર્યવાહી તરીકે આ પગલુ લેવાયુ છે ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે) તેમને તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સિયલ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ની જોગવાઈ મુજબ ૬૦ દિવસની મુદત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ :૦૮-૧૧-૨૦૧૯
સ્થળ :સુરત

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

POPULAR ESTATE MANAGEMENT LIMITED

CIN: L65910GJ1994PLC023287
Registered Office: 81, 8th Floor, "A" wing, New York Tower, Opp. Muktidham Derasar,
Thaltej, S. G. Highway, Ahmedabad-380054, Gujarat
E Mail: popularestatemanagement@yahoo.co.in, Phone: 9033015149

EXTRACTS OF THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER, 2019

(Rs. In Lacs)

SR. NO.	PARTICULARS	QTR ENDED 30.09.2019	SIX MONTHS ENDED 30.09.2019	QTR ENDED 30.09.2018
		Unaudited	Unaudited	Unaudited
1	Total Income from Operations (Net)	0.00	0.00	0.10
2	Net Profit / (Loss) before Tax from Ordinary Activities and Exceptional Items	-49.93	-77.07	-53.81
3	Net Profit / (Loss) after Tax from Ordinary Activities and Exceptional Items	-49.93	-77.07	-53.81
4	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	-49.93	-77.07	-53.81
5	Equity Share Capital	1400.02	1400.02	1400.02
6	Other Equity excluding revaluation reserves	-----	-----	-----
7	Earnings Per Share (of Rs. 10 each, in Rs.)			
	Basic	-0.36	-0.55	-0.38
	Diluted	-0.36	-0.55	-0.38

Notes:
The above is and extract of the detailed format of Quarterly Financial Results filed with BSE Ltd. Under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015, for the Quarter ended September, 2019. The full format of the said Quarterly Financial Results are available on the Exchange website WWW.bseindia.com and the Company's website WWW.popularestatemanagement.in.

On behalf of the Board

Place: Ahmedabad
Date : 07-11-2019
UDIN : 19132726AAAAEB6208

Managing Director
(R.B.Patel)
DIN - 00118530

Whole Time Director
(D.B.Patel)
DIN - 00235328